1. સંસ્કૃતિની વ્યાખ્યા આપી. તેના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

- માનવી સામાજિક પ્રાણી છે. વ્યક્તિ અને સમાજ પરસ્પર સંબંધિત છે. વ્યક્તિ વિનાના સમાજની કલ્પના થઈ શકતી નથી. સમાજ વગર માનવીની સભ્યતા કે સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકતી નથી. સંસ્કૃતિ માનવસમાજનું આવશ્યક લક્ષણ છે. માનવીના સામાજિક સંબંધોની રચના સંસ્કૃતિ દ્વારા જ થાય છે. ધર્મ, ભાષા, રીતરિવાજો, સંસ્થાઓ, ધોરણો, મૂલ્યો, આદર્શો, કાયદા વગેરે સંસ્કૃતિનાં વિવિધ તત્ત્વો માનવીનું સામાજિક જીવન શક્ય બનાવે છે.
- સંસ્કૃતિનો અર્થ : સંસ્કૃતિ' શબ્દનો આપણે અનેક અર્થમાં ઉપયોગ કરીએ છીએ. કોઈ એક માનવસમાજના બૌદ્ધિક, આધ્યાત્મિક અને કલાત્મક વારસાને રમાપણે તે સમાજની સંસ્કૃતિ કડીએ છીએ. સમાજશાસ્ત્રમાં 'સંસ્કૃતિ' એક વિભાવના છે. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સંસ્કૃતિ એટલે લાંબા સમયથી સમૂહમાં રહેતા માનવીઓએ સમાજના સભ્યો તરીકે બનાવેલી વસ્તુઓ, વિકસાવેલ સર્વમાન્ય વિચારો, માન્યતાઓ, રહેણીકરણીની અને વર્તવ્યવહારની રીતો, સામાજિક ધોરણો અને રચનાખો. આ સર્વનો સંગ્રહ એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ એટલે જીવન જીવવાની રીત, તેમાં જ્ઞાન, માન્યતા, કલા, નીતિ કાયદો, રિવાજ અને સમાજના સભ્ય તરીકે માનવીએ પ્રાપ્ત કરેલી યોગ્યતાનો તથા ટેવોનો સમાવેશ થાય છે.
- સંસ્કૃતિની વ્યાખ્યા : સામાજિક શાસ્ત્રોના જ્ઞાન કોશમાં ઈ. સ.1931 માં વિશ્વ પ્રસિદ્ધ માનવશાસ્ત્રી મેલિનોવસ્કિનને આપેલી સંસ્કૃતિની વ્યાખ્યા મુજબ, 'સંસ્કૃતિ એ વારસામાં મળેલાં ઓજારો, સાધનો, હથિયારો, ચીજવસ્તુઓ, ટેકનિકી પ્રક્રિયાઓ, વિચારો, ટેવો અને મૂલ્યોની બનેલી છે. સમાજશાસ્ત્રી ટાઈલર (ઈ. સ. 1881)ના મત પ્રમાણે, "સમાજના સભ્ય તરીકે માનવીએ મેળવેલાં જ્ઞાન, માન્યતા, કલા, કાયદા, કાનૂન, નીતિનિયમો, રીતરિવાજો તથા અન્ય સર્વ શક્તિઓ અને ટેવોનો બનેલો સમગ્ર સંકુલ એટલે સંસ્કૃતિ." એલી ચિનોઈ (ઈ. સ. 1967)ના મતે, "સંસ્કૃતિ એ પ્રત્યેક સમાજની પોતાની આગવી જીવનશૈલી છે, જે સમાજના સભ્યોના વિચારો, લાગણીઓ અને વર્તનોને અપેક્ષિત ઘાટમાં ઢાળે છે."
- સંસ્કૃતિના પ્રકારો : માનવસમાજના બૌદ્ધિક, આધ્યાત્મિક અને કલાત્મક વારસાને આપણે તે સમાજની સંસ્કૃતિ' તરીકે ઓળખાવીએ છીએ. સંસ્કૃતિની આ વ્યાખ્યા પરથી જણાશે કે આ વિભાવનામાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે. આથી તેમનું વર્ગીકરણ કરવું જરૂરી છે.
- સમાજશાસ્ત્રી ઓગબર્ન સંસ્કૃતિને બે પ્રકારમાં વહેંચે છે : 1. ભૌતિક સંસ્કૃતિ અને 2. અભૌતિક સંસ્કૃતિ.

  1. ભૌતિક સંસ્કૃતિ : જે પદાર્થોને આપણે નરી આંખે જોઈ શકીએ છીએ અને સ્પર્શી શકીએ છીએ એ બધી ભૌતિક સંસ્કૃતિ' છે. માનવી પોતાની જરૂરિયાતની પૂર્તિ માટે સભ્યતાના પ્રારંભથી ભૌતિક વસ્તુનું ઉત્પાદન કર્યું છે. સમાજશાસ્ત્રી રૉબર્ટ બસ્ટડે ભૌતિક સામગ્રીમાં યંત્રો, સાધનો વાસણો, મકાનો, માર્ગો, પુલ, કલાકૃતિ, વસ્ત્રો, વાહનો, રાચરચીલ ખાદ્યસામગ્રી, દવાઓ વગેરેનો સમાવેશ કર્યો છે. માનવીના અસ્તિત્વમાં આ બધી ભૌતિક સામગ્રી મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સામગ્રી પ્રાપ્ત કરવા માનવી પ્રયત્નો કરે છે. આ પ્રયત્નોના કારણે બીજા માનવીઓ સાથેના તેના સંબંધો મજબુત બને છે.

  2. અભૌતિક સંસ્કૃતિ : સમાજશાસ્ત્રીઓ અભૌતિક સંસ્કૃતિને ભૌતિક સંસ્કૃતિના જેટલી જ અનિવાર્ય ગણે છે અને તેને વધુ મહત્ત્વ આપે છે. સમાજશાસ્ત્રી સોરોકીન અભૌતિક સંસ્કૃતિને 'ભાવનાત્મક સંસ્કૃતિ' કહે છે. સમાજશાસ્ત્રી એલી ચિનોઈ અભૌતિક સંસ્કૃતિને બે પેટાવિભાગમાં વહેંચે છે : (1) બોધનાત્મક અભૌતિક સંસ્કૃતિ અને (2) ધોરણાત્મક અભૌતિક સંસ્કૃતિ.

(i) બોધનાત્મક અભૌતિક સંસ્કૃતિ : બોધનાત્મક અભૌતિક સંસ્કૃતિ એટલે કુદરતમાંથી કૃતિઓ બનાવવા માટે કોઈ એક ચોક્કસ સાધનનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગેનું જ્ઞાન.

(ii) ધોરણાત્મક અભૌતિક સંસ્કૃતિ : ધોરણાત્મક અભૌતિક સંસ્કૃતિ સમાજે લાદેલા નિયમો, મૂલ્યો, માન્યતાઓ, વિચારો અને વસ્તુઓ અંગેના નિર્ણયોની બનેલી હોય છે. લોકરીતિ, રૂઢિ, નિષેધ, કાયદા, લોકાચાર, રિવાજ, ફેશન, ધર્મક્રિયા, વિધિ, શિરસ્તા, શિષ્ટાચાર, નિયમો વગેરે અગત્યનાં ધોરણો છે.

- લોકરીતિ એટલે સમાજે સાહજિક રીતે સ્વીકારેલી અને વ્યવહારમાં પ્રચલિત બનેલી વર્તનવ્યવહારની પદ્ધતિ. દા. ત. વ્યક્તિને આવકાર આપવા માટે તેને નમસકાર કરવા અને તેની સાથે હાથ મિલાવવો. રૂઢિ એટલે એવી લો કરીતિ કે જેને લોક કલ્યાણની દૃષ્ટિએ અને સમાજની નીતિમત્તાની જાળવણીની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની માનવામાં આવી હોય, દા. ત. સગા ભાઈબહેનના લગ્નને અનૈતિક ગણવાનું ધોરણ . કાયદા એટલે રાજ્યની અદાલતે સ્વીકારેલા, અર્થઘટન કરેલા અને નિશ્ચિત પરિસ્થિતિને લાગુ પડતા નિયમો. દા. ત., ભારતમાં લગ્ન અંગેના કાયદા, મિલકત અંગેના કાયદા વગેરે. કાયદાનો ભંગ કરનાર વ્યક્તિને ઠપકાથી શરૂ કરીને દેહાંતદંડ સુધીની સજા થઈ શકે છે.

2. ‘સામાજિ કીકરણ’ એટલે શું? સામાજિ કીકરણની એજન્સી તરીકે ‘કુટુંબ’ અને ‘મિત્રજુથ’ની ભૂમિકા સમજાવો.

- સમાજની રચના માટે માનવસંબંધો અતિ આવશ્યક છે. આ સંબંધો જન્મથી શરૂ થાય છે અને મૃત્યુપર્યંત ચાલુ રહે છે. આ સંબંધોની વિકસતી પ્રક્રિયાને ‘સામાજિક કરણ’ કહે છે. સામાજિકીકરણનો અર્થ : સામાજિક કરણ એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા વ્યક્તિના સમગ્ર જીવનકાળ સુધી સતત ચાલતી રહે છે.
- માનવીની આંતરક્રિયાઓમાંથી નીપજતી અને સામાજિક રચનાતંત્રને ટકાવી રાખતી તેમજ સંસ્કૃતિનું પેઢી દર પેઢી સંવહન કરતી સામાજિકીકરણની પ્રક્રિયા સમાજશાસ્ત્રના ક્ષેત્રનો મહત્ત્વનો વિષય છે. જૈવિક વ્યક્તિને સામાજિક વ્યક્તિ બનાવતી પ્રક્રિયાને ‘સામાજિકીકરણ’ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિ કીકરણના પરિણામે વ્યક્તિ સમાજના એક સભ્ય તરીકે સામાજિક અપેક્ષાઓ મુજબ જીવન જીવતાં શીખે છે. સામાજિક કરણ બાળકને સમાજનાં ધોરણો, મૂલ્યો, લાગણીઓ, ભૂમિકાઓ અને વર્તનપદ્ધતિ શીખવતી એક અનૌપચારિક પદ્ધતિ છે.
- સામાજિકીકરણ થતાં બાળક પોતાના સમાજના સાંસ્કૃતિક માળખામાં ગોઠવાય છે, સામાજિક અપેક્ષાઓ સંતોષવા તે સમર્થ બને છે. આમ, સામાજિકીકરણ બાળકના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું ઘડતર કરતી પ્રક્રિયા છે. સામાજિકીકરણ ‘સ્વ’ અને ‘વ્યક્તિત્વના વિકાસની પ્રક્રિયા છે. ‘સ્વ’ને લીધે જ વ્યક્તિત્વ આકાર લે છે અને વ્યક્તિનું ‘મન’ ક્રિયાશીલ બને છે.
- “સામાજિકકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ ટેવો, કૌશલ્યો, માન્યતાઓ તથા વિવેકબુદ્ધિ શીખે છે, જે સામાજિક સમૂહો તથા સંપ્રદાયોમાં અસરકારક ભાગ લેવા માટે આવશ્યક ગણવામાં આવે છે.” સામાજિકીકરણની આ પ્રક્રિયામાં સમાજ તેના સભ્યોના સામાજિકીકરણ માટે એક એજન્સી તરીકે કામ કરે છે. સામાજિકીકરણ વગર સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકે નહી.
- સામાજિ કીકરણની વ્યાખ્યા : સમાજશાસ્ત્રીઓએ સામાજિકીકરણની નીચે પ્રમાણે વ્યાખ્યાઓ આપી છે : કિંગસ્લે ડેવિસ : “નવા જન્મેલા બાળકનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર કરવાની પ્રક્રિયાને સામાજિ કીકરણ કહેવાય.”

- હોર્ટન અને હન્ટ : 'સામાજિ કીકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ પોતાના સમૂહનાં ધોરણો પોતાના જીવનમાં ઉતારે છે, જેના પરિણામે એ ક વિશિષ્ટ 'સ્વ' જન્મે છે.''
- સામાજિકીકરણના વાહકો : વ્યક્તિના જન્મથી શરૂ કરી તેના મૃત્યુ સુધી અનેક વાહકો (એજન્સીઓ) તેનું સામાજિ કીકરણ કરે છે, તેમાં કુટુંબ, મિત્રજુથ, શાળા અને સમૂહ માધ્યમો અગત્યનો ભાગ ભજવે છે. સામાજિકીકરણની મહત્ત્વની એજન્સી તરીકે 'કુટુંબ'ની ભૂમિકા નીચે પ્રમાણે છે : કુટુંબ કુટુંબ એ સામાજિ કીકરણનું પાયાનું અને અગત્યનું માધ્યમ છે. બાળક સૌપ્રથમ કુટુંબના જ સંપર્કમાં આવે છે. માતાપિતા અને ભાઈ બહેનના લોહીના સંબંધો દ્વારા બાળક એક જૈવિક વ્યક્તિમાંથી સામાજિક વ્યક્તિ બને છે.
- જગતની મોટા ભાગની સંસ્કૃતિઓમાં કુટુંબમાં માતાની ભૂમિકા સામાજિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. માતા અને બાળક વચ્ચેના સંબંધોની નિકટતા અને ભાવાત્મક એકતા બાળકના વ્યક્તિત્વનું ઘડતર અને સંસ્કૃતિનું પ્રદાન કરવામાં ખૂબ જ અગત્યની છે. માતાપિતાનો પ્રેમ, વાત્સલ્ય, હૂંફ વગેરે બાળકના મનમાં સામાજિક તથા માનસિક સલામતીની ભાવના ઉત્પન્ન કરે છે, જે વ્યક્તિત્વના વિકાસમાં અગત્યની છે. કુટુંબ બાળ કને તેના વર્તન માટે માર્ગદર્શન, દોરવણી તેમજ નિશ્ચિત અને સ્પષ્ટ ધોરણો પૂરાં પાડે છે અને તે ધોરણોની સમજાવટ કે દબાણથી અમલ કરાવે છે.
- બાળકને પોતાનાં ભાઈબહેનો સાથેના સમાનતાના સંબંધો પણ એને કુટુંબમાંથી જ મળી રહે છે. કુટુંબ બાળકને સમાજનાં પાયાનાં મૂલ્યો, ધોરણો અને વર્તનવ્યવહારની રીતો શીખવે છે. મોટા થઈને જે સામાજિક ભૂમિકાઓ તેને ભજવવાની છે તે માટે કુટુંબ બાળકને તૈયાર કરે છે. આ માટે તે જરૂરી ટેવો, કૌશલ્યો, જ્ઞાન તથા આવડતો તેનામાં કેળવે છે. ખાતાપીતાં, બોલતાચાલતાં, પ્રાથમિક સફાઈ કરતાં કુટુંબ જ તેને શીખવે છે. કુટુંબ તેને સમાજના લોકાચાર, પરંપરા, રૂઢિ, રિવાજ વગેરેનું જ્ઞાન આપે છે. આમ, કુટુંબ બાળકને સાંસ્કૃતિક વારસાની સૌથી આવશ્યક અને મહત્ત્વની બધી જ બાબતો સામાજિકીકરણ દ્વારા શીખવે છે.
- આધુનિક સમયમાં ઘરની બહાર કામ કરવા જતી માતાની ભૂમિકામાં ભૂતકાળ કરતાં પરિવર્તન આવેલું જોવા મળે છે. કેટલાંક કુટુંબોમાં માતા પોતે જ ઘરની મુખ્ય વ્યક્તિ હોય ત્યારે માતા પર બાળકના સર્વાંગી વિકાસની અનેકવિધ જવાબદારીઓ આવે છે. કુટુંબની સંસ્કૃતિ અને આર્થિક સ્થિતિ સામાજિકીકરણની પ્રક્રિયામાં અસર કરે છે. દા. ત., રૂઢિચુસ્ત કુટુંબમાં ઉછરેલાં બાળકો અને ઉદારમતવાદી કુટુંબમાં ઉછરેલાં બાળકોમાં તફાવત જોવા મળે છે. આ જ પ્રમાણે ધનાઢય કુટુંબમાં થયેલો અને ગરીબ કુટુંબમાં થયેલો બાળકનો ઉછેર જુદાં તરી આવે છે ,
- મિત્રજુથ : સામાજિ કીકરણની મહત્ત્વની એજન્સી તરીકે મિત્રજુથની ભૂમિકા નીચે પ્રમાણે છે : બાળક મોટું થતાં ઉંમર, અનુભવ અને સામાજિક મોભામાં સમાન એવા સમોવડિયા મિત્રો સાથે આંતરક્રિયામાં જોડાય છે. કુટુંબની સાથે સાથે આવું મિત્રજુથ પણ બાળકનું સામાજિકીકરણ કરે છે. આ મિત્ર જૂથ નિકટવર્તી હોઈ બાળકના તેના મિત્રો સાથેના સંબંધો ગાઢ, વૈયક્તિક અને સહાનુભૂતિભર્યા હોય છે. આ સંબંધોમાંથી બાળક વાતચીત, શિસ્ત, નિયમો, વતન વગેરે શીખે છે.
- બાળકના સમવયસ્ક મિત્રો સાથેના સંબંધો સમાનતાના હોય છે. મિત્રજુથમાં 'અમે'ની ભાવના ગાઢ હોય છે. તેથી તેના સભ્યો પાસેથી અનુરૂપતાની અપેક્ષા રાખે છે. મિત્રજુથના સભ્યો સામાન્ય રીતે ઘણી બાબતોમાં પોતાના જુથનાં ધોરણોને અનુસરતા હોય છે.
- મિત્રજુથ બાળકને નિયમપાલન કરતાં શીખવે છે. આ વલણ તેને અન્ય ક્ષેત્રોમાં પણ સામાજિક નિયંત્રણ પાળતાં અને પળાવતાં શીખવે છે. મિત્રજુથના સભ્ય થવાથી બાળકોમાં પરસ્પર સહકારની ભાવના જન્મે છે. તેઓમાં

એકબીજા માટે જતું કરવાની ખેલદિલી પણ વિકસે છે. બાળકનું મિત્રજુથ જો સમાજનાં ધોરણો સ્વીકારતું હોય, તો તે બાળકના સામાજિકકરણમાં અસરકારક સાધન બને છે. મિત્રજુથમાં બાળકો પર અરસપરસ ઘણી અસર થતી હોય છે. બાળક મિત્રજુથની સારી ટેવો, વિચારો, જાણ કારી, આવડત, સદ્વર્તન વગેરે શીખે છે. 'સોબત તેવી અસર' એ કહેવત મિત્રજુથ દ્વારા થતા સામાજિકીકરણને સચોટ રીતે વ્યક્ત કરે છે.

3. સંસ્કૃતિનાં લક્ષણો સવિસ્તર સમજાવો.

➢ 'સંસ્કૃતિ' એટલે જીવન જીવવાની રીત. સંસ્કૃતિમાં જ્ઞાન, માન્યતાઓ, કલા, નીતિ, કાયદો, રિવાજ અને સમાજના સભ્ય તરીકે માનવીએ પ્રાપ્ત કરેલી યોગ્યતાઓ તથા ટેવોનો સમાવેશ થાય છે. સંસ્કૃતિનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

1. સંસ્કૃતિ જીવનશૈલી છે : સંસ્કૃતિ જેતે સમાજના સભ્યોની જીવન જીવવાની એક શેલી છે અને એમાંથી ઊપસી આવતી જીવન જીવવાની એક રીત પણ છે. સંસ્કૃતિનું આ લક્ષણ દરેક સમાજ વચ્ચેની અને દરેક સમૂહ વચ્ચેની ભિન્નતા દર્શાવવામાં મદદરૂપ બને છે. આમ, સંસ્કૃતિ જીવનશૈલી છે.

2. સંસ્કૃતિ એ શીખેલી વર્તણૂક છે વ્યક્તિ પોતાના સમાજની સંસ્કૃતિ વચ્ચે જન્મે છે. તેમાં રહેતાં રહેતાં તે કેટલુંક શીખે છે. અને કેટલુંક શીખવવામાં આવે છે. આમ, સંસ્કૃતિ એ શીખેલી વર્તણુક છે.

3. સંસ્કૃતિ માનવીના સમાજજીવનની આગવી પેદાશ છે : સંસ્કૃતિ માનવીની સામાજિક આંતરક્રિયા અને અનુભવમાંથી ઉદ્ભવે છે અને વિકાસ પામે છે. માનવીના સમાજજીવનમાં જ આ શક્ય બને છે. પશુપક્ષીઓ તેમના સમાજજીવનમાંથી સંસ્કૃતિ ઉપજાવી શકતાં નથી. આમ, સંસ્કૃતિ માનવીના સમાજજીવનની આગવી પેદાશ છે.

4. સંસ્કૃતિ સાતત્ય, વિકાસશીલતા અને પરિવર્તનશીલતા ધરાવે છે : સંસ્કૃતિનો ઘણો મોટો ભાગ પેઢી દર પેઢી ટકી રહે છે. આ દર્શાવે છે કે સંસ્કૃતિ સ્થિરતા અને સાતત્ય ધરાવે છે. માનવીનું સામાજિક જીવન જેમ જેમ સંકુલ બનતું જાય છે તેમ તેમ સંસ્કૃતિનો વિકાસ થાય છે. નવી પેઢી સમયાંતરે સાંસ્કૃતિક વારસામાંથી કેટલુંક છોડી દે છે. કેટલાકમાં વિકાસ સાધે છે અને કેટલીક બાબતોમાં પરિવર્તન લાવી નવું ઉમેરે છે. આમ, સંસ્કૃતિ સાતત્ય, વિકાસશીલતા અને પરિવર્તનશીલતા ધરાવે છે.

5. સંસ્કૃતિ હસ્તાંતરિત થઈ શકે છે : સંસ્કૃતિ હસ્તાંતરિત થાય છે. એક સમાજની સંસ્કૃતિ બીજા સમાજમાં ફેલાય છે. એક વર્ગની સંસ્કૃતિ બીજા વર્ગમાં ફેલાય છે. શહેરની સંરકૃતિ ગામડામાં ફેલાય છે આમ, સંસ્કૃતિ હસ્તાંતરિત થઈ શકે છે.

6. સંસ્કૃતિનો સંચય થાય છે : સંરકૃતિનો સંચય (સંગ્રહ) થઈ શકે છે. સંસ્કૃતિ સામાજિક વારસારૂપે પેઢી દર પેઢી ઊતરી આવે છે. આપણી ખેતીની પદ્ધતિઓ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો વગેરેની શોધો સંસ્કૃતિનો સંચય દર્શાવે છે. આમ, સંસ્કૃતિનો સંચય થાય છે.

4. સભ્યતાનો અર્થ સ્પષ્ટ કરી, તેનું કાર્યક્ષેત્ર સમજાવો.

➢ 'સંસ્કૃતિ' અને 'સભ્યતા' વચ્ચે બહુ તફાવત નથી. સંસ્કૃતિ અને સભ્યતાના અર્થ વિશે સમાજશાસ્ત્રીઓમાં મતમતાંતર પ્રવર્તે છે. આમ છતાં, સંસ્કૃતિ અને સભ્યતા ભિન્ન ભિન્ન દષ્ટિબિંદુઓ ધરાવે છે.

➢ સભ્યતાનો અર્થ : 'સંસ્કૃતિ' એટલે સમાજના સભ્ય તરીકે માનવીએ જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, રિવાજ , કાયદા વગેરે જે પ્રાપ્ત કર્યું છે તે અને 'સભ્યતા' એટલે કોઈ એક જગ્યાએ પ્રાપ્ત કરેલી જીવનને લગતી એવી બધી

જ બાબતોનો જથ્થો અને સામાજિક વ્યવસ્થા જે માનવને માનવેતર સમાજથી અલગ પાડે છે. દા.ત. સિંધુખીણની સભ્યતા.  સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચેનો તફાવત રજૂ કરતાં સમાજશાસ્ત્રી મકાઈવર જણાવે છે કે, "સમાજનાં મૂલ્યાત્મક સર્જનો એ સંસ્કૃતિ છે.' દા. ત., સાહિત્ય, શિલ્પ, કલા વગેરે.

- જ્યારે સમાજની સાધનાત્મક વ્યવસ્થા એ સભ્યતા છે.' દા. ત., વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો વગેરે. સભ્યતા એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા નિશ્ચિત હેતુઓ સિદ્ધ કરવા માટેની રીતોનો વિકાસ થાય છે. દા.ત.ગુફામાં વસવાટ કરતો આદિમાનવ અગ્નિ સળગાવવા માટે પથ્થરોનો ઉપયોગ કરતો હતો, જ્યારે આધુનિક માનવી અગ્નિ પ્રાપ્ત કરવા માટે દીવાસળી કે લાઇટરનો ઉપયોગ કરે છે. અહીં, 'અગ્નિ' ઉદેશ છે અને પથ્થર તથા દીવાસળી 'સાધનો' છે. આમ, અગ્નિ પ્રાપ્ત કરવા માટે પથ્થરમાંથી દીવાસળીના સાધનનો વિકાસ થયો. આ વિકાસમાંથી માનવીએ મેળવેલા સંતોષને 'સભ્યતા' કહેવામાં આવે છે.  માનવીએ પોતાના જીવનની સ્થિતિ સુધારવા માટેના પ્રયાસમાં કલાકોશલ્ય (ટેકનિક) અને ભૌતિક સાધનો જેવી ઉપયોગી વસ્તુઓના કરેલા વિકાસનો 'સભ્યતા'માં સમાવેશ થાય છે.
- સભ્યતાનું કાર્યક્ષેત્ર : સભ્યતાના કાર્યક્ષેત્રનું બે વિભાગમાં વિભાજન થાય છે : 1, યાંત્રિક સંગઠન અને 2. સામાજિક સંગઠન.

  1. યાંત્રિક સંગઠન : યાંત્રિક સંગઠનમાં ભૌતિક અને ટેકનિકલ સાધનોનો સમાવેશ થાય છે , કમ્પ્યુટર, છાપખાનું, રેલવે એન્જિન, વિમાન, રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન, ફક્સ મશીન, રસ્તાઓ વગેરે આ સંગઠનમાં આવે છે.
  2. સામાજિક સંગઠન : સામાજિક સંગઠન માનવીના વર્તન અને હું વિકાસનું નિયમન કરે છે. તેમાં સમૂહો, કુટુંબો, સામાજિક ચળવળો, વર્ગવ્યવસ્થા જેવી આર્થિક અને સામાજિક સંસ્થા સમાવેશ થાય છે.

### 5. 'સામાજિકીકરણના મહત્ત્વના વાહક (એજન્સી)' તરીકે સમય માધ્યમોની સમજૂતી આપો.

- સામાજિકીકરણ વ્યક્તિત્વનો વિકાસ કરતી, સંસ્કૃતિનું હસ્તાંતરણ કરતી અને વ્યક્તિનું સમાજમાં સમાજના એક સભ્ય તરીકે પ્રસ્થાપન કરતી પ્રક્રિયા છે. સામાજિકીકરણના મહત્ત્વના વાહક (એજન્સી) તરીકે 'સમૂહ માધ્યમો'ની સમજૂતી નીચે પ્રમાણે છે :
- સમૂહ માધ્યમો : સમૂહ સંચાર માધ્યમોમાં અખબારો, સામયિકો અને સાહિત્ય વગેરે મુદ્રિત માધ્યમો તથા રેડિયો, ટેલિવિઝન, ચલચિત્રો, ઇન્ટરનેટ વગેરે દશ્યશ્રાવ્ય માધ્યમોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં આ સાધનોએ માહિતી અને મનોરંજન પ્રાપ્ત કરવાની ત્વરિત અને અસરકારક સુવિધા પૂરી પાડી છે. ગુજરાતીમાં આપણે તેને 'પ્રત્યાયનનાં માધ્યમો' તરીકે ઓળખીએ છીએ.
- આ માધ્યમોની સામગ્રી સમાજના વિશાળ સમુદાય સુધી, એકસાથે પહોંચી શકે છે. આ માહિતી બાળકોથી શરૂ કરીને વૃદ્ધો સુધી સૌના જ્ઞાનમાં વધારો કરે છે.  આધુનિક સમાજ આ દ્વારા મંતવ્યો, મતમતાંતરો, માન્યતાઓ, આચારવિચારો, આદર્શો વગેરે લોકો સમક્ષ રજૂ કરીને તેમનું સામાજિક કરણ કરી શકે છે. મુદ્રિત માધ્યમો સાક્ષર વ્યક્તિઓને અસર કરે છે, જ્યારે દશ્યશ્રાવ્ય માધ્યમો સાક્ષર, નિરક્ષર અને દૂર દૂર નિવાસ કરતા લોકોને પણ અસર કરી શકે છે.
- આ માધ્યમો વિશાળ જનસંખ્યા વચ્ચે ઝડપી વિચારવિનિમયની તકો પૂરી પાડે છે અને જાહેર લોકમત કેળવીને તેમને સામાજિક આંદોલન માટે તૈયાર કરે છે.  સંચાર માધ્યમો દ્વારા લોકોનાં રાજકીય, આર્થિક, ધાર્મિક તથા નૈતિક વલણો અને વર્તન ઉપર ઘણી અસર પાડી શકાય છે. ટેલિવિઝનના કાર્યક્રમો મનોરંજન સાથે જ્ઞાન પણ

આપે છે. ટેલિવિઝન દ્વારા રજૂ થયેલી માહિતી, પ્રસંગો, વર્તન, વ્યવહારો વગેરે ઘણા લાંબા સમય સુધી યાદ રહે છે. બાળકો ટેલિવિઝનના કાર્યક્રમોથી વિશેષ પ્રભાવિત થાય છે.

- ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતી જાહેરાતો વ્યક્તિઓને આધુનિક યુગમાં ભિન્ન ભિન્ન વસ્તુઓ અને સેવાઓના ગ્રાહકો બનાવે છે. વર્તમાન સમયમાં ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા સામાજિકીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, સમૂહ સંચાર માધ્યમો સમાજમાં રહેતા જુદા જુદા સમૂહો, સંસ્કૃતિઓ, સમસ્યાઓ, પ્રક્રિયાઓ વગેરે અંગેની માહિતી અને સમજ પૂરાં પાડે છે.

### 6. સામાજિ કીકરણના મહત્ત્વના વાહક (એજન્સી) તરીકે 'શાળા'ની સમજૂતી આપો.

- સમાજની રચના કરતા માનવસંબંધો માનવીનો જન્મથી શરૂ થાય છે અને માનવીના અંત સુધી ચાલુ રહે છે. આ સંબંધોની વિકસતી પ્રક્રિયાને સામાજિકીકરણ' કહે છે. સામાજિ કીકરણના મહત્ત્વના વાહક (એજન્સી) તરીકે 'શાળાની' સમજૂતી નીચે પ્રમાણે છે :
- શાળા : સાદા તથા આદિવાસી સમાજનો સાંસ્કૃતિક વારસો સાદો : અને મર્યાદિત હોય છે, જે કુટુંબ સરળતાથી બાળકને શીખવી શકે છે. પરંતુ ઓધુનિક સમાજનો સાંસ્કૃતિક વારસો ઘણો વિશાળ અને જટિલ હોવાથી એકલું કુટુંબ જ તેને નવી પેઢીમાં સંક્રાન્ત કરી શકતું નથી.
- દા. ત.આધુનિક ખેતીની પદ્ધતિઓ, નવું વિજ્ઞાન, નવું ગણિત, નવી ટેક્નોલૉજી , જટિલ અર્થવ્યવસ્થા, રાજયવ્યવસ્થા તથા સમાજવ્યવસ્થા, બદલાતાં જતાં મૂલ્યો, ધોરણો, આચારવિચારો અને વ્યવહારો, નવી સામાજિક સમસ્યાઓ વગેરે. આમ, આધુનિક સમાજમાં કુટુંબની સામાજિકીકરણ કરવાની શક્તિ મર્યાદિત ક્ષેત્રોમાં જ કાર્ય કરી શકે છે. આથી આ જટિલ વારસાને નવી પેઢીમાં સંક્રાન્ત કરવા માટે શિક્ષણસંસ્થાઓ ઊભી થાય છે. શાળા બાળકને કેટલાંક પાયાનાં કૌશલ્યો અને વિષયોનું પાયાનું જ્ઞાન આપે છે. દા.ત. લખવાવાંચવાનું કૌશલ્ય, ગાણિતિક કૌશલ્યો, જરૂરી ભાષાનું જ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર વગેરે.
- આગળના ધોરણોમાં જતાં શાળા સમાજની અર્થવ્યવસ્થા, રાજયવ્યવસ્થા, સમાજ વ્યવસ્થા તેમજ અગત્યની સામાજિક સમસ્યાઓનો બાળકને પરિચય કરાવે છે. એનાથી પણ આગળના તબક્કે કેટલીક ધંધાદારી તાલીમ આપતી શાળાઓ બાળકને વ્યવસાયી ભૂમિકાઓ અને સામાજિક ગતિશીલતા માટે તૈયાર કરે છે. શાળા પાઠ્યતર પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને ભિન્ન ભિન્ન આચારવિચાર અને મૂલ્યોવાળી વ્યક્તિઓ અને સમૂહો સાથે મુલાકાતની તકો ઊભી કરીને તેમને વિવિધ અનુભવો આપે છે.
- શાળા તેની મૂલ્યાંકનની પદ્ધતિઓમાં વ્યક્તિગત આવડત અને પ્રાપ્તિ પર ભાર મૂકીને બાળકમાં સિદ્ધિની પ્રેરણા જાગ્રત કરે છે. જે આધુનિક સમાજના વિકાસ માટે ઘણી જરૂરી હોય છે. આમ, એક ઔપચારિક માધ્યમ તરીકે શાળા નવી પેઢીના સામાજિકીકરણમાં અગત્યનો ભાગ ભજવે છે. અધવચ્ચે શાળા છોડી દેનારાં બાળકો શાળા દ્વારા મળતી સામાજિ કીકરણની અસરો અને ફાયદાઓથી વંચિત રહી જાય છે.